દાખલ તારીખ :- ૨૫/૦૫/૨૦૧૧

રજી. લીધા તારીખ:- ૨૫/૦૫/૨૦૧૧

નિકાલ તારીખ :- ૦૨/૦૭/૨૦૨૧

**સમયગાળો :- વર્ષ માસ દિવસ**

**મે.ભચાઉ ના ૯ માં એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મુ.ભચાઉ કચ્છ.**

**(નવા) ફોજદારી અપીલ નં. :૧૫ /૨૦૨૦**

**(પ્રથમ જુના)ફોજદારી અપીલ નં. :૧૩ /૨૦૧૧**

**(દ્વિતિય જુના)ફોજદારી અપીલ નં. :૭૬ /૨૦૧૫**

**આંક :-**

**એપેલેન્ટ/મુળ આરોપી :** હરિશચંન્દ્રસિંહ બળવંતસિંહ વાઘેલા

ઉ.વ.૨૭,ધંધો-બિઝનેસ

રહે.પોલીસ લાઈનની બાજુમાં,હિંમતપુરા,ભચાઉ-કચ્છ.

**વિરૂધ્ધ.**

**રીસ્પોડેન્ટ/ફરીયાદી:** શ્રી સરકાર

**એપેલેન્ટ તર્ફે વિ.વ.શ્રી એન.બી.જાડેજા**

**રીસ્પોડેન્ટ તર્ફે વિ.વ.શ્રી ડી.એસ.જાડેજા**

**બાબત :-** ક્રિ.પો.કોડની કલમ ૩૭૪(૩) હેઠળ અપીલ

**-: ચુકા દો :-**

(૧) આરોપીને ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ઈ.પી.કો.ની ક.૩૫૪ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા તથા દંડ કરતા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભચાઉ-કચ્છનાઓના તા.૨૬/૦૪/૨૦૧૧ ના રોજના હુકમથી નારાજ થઈ

આરોપીએ હાલની અપીલ ગુજારેલી છે જેની વિગત ધ્યાને લીધી.

આરોપીની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, ટ્રાયલકોર્ટે કાયદા અને હકીકતનું મુલ્યાંકન કરવામાં કસુર કરેલી છે. ટ્રાયલકોર્ટે ફરીયાદી અને ભોગ બનનારની જુબાનીનું વ્યાજબી રીતે મુલ્યાંકન કરેલું નથી તે રીતની ઘણી બધી વિગતો આગળ ધરી ટ્રાયલકોર્ટનો હુકમ ગેરકાયદેસરનો, કાયદા વિરુધ્ધનો હોવાથી રદ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દાદ માંગતી હાલની અપીલ ગુજારેલી છે જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે એપેલેન્ટ તરફે વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કામે ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો બનાવ બપોરના અરસામાં રામવાડી વિસ્તારમાં બનેલો છે અને તે વિસ્તાર ભરચક વિસ્તાર છે અને તે સમયે ત્યાં બીજા તટસ્થ સાહેદને ફોન થયેલ ન હોય તેવું કોઈ પણ સંજોગોમાં માની શકાય તેમ નથી. શાળાના આચાર્ય બનાવ સમયે આવી ગયેલાનું ભોગ બનનાર જણાવે છે પરંતુ આચાર્યની જુબાની મુજબ તેઓ તે દિવસે રજા ઉપર હતા અને બીજા દિવસે પોતાની ફરજ ઉપર હાજર થયેલ છે. આમ, બનાવ સમયે પ્રથમ હાજર થનાર સાહેદની જુબાનીમાં વિરોધાભાસ આવે છે. આ સિવાય બનાવવાળી જગ્યાના બીજા કોઈ તટસ્થ સાહેદને તપાસવામાં આવેલા નથી. શાળાનો સમય હતો તેવા સંજોગોમાં શાળાની અંદર વિદ્યાર્થીઓ અન્ય શિક્ષકો હોય તો તે પૈકીના કોઈ પણ વ્યકિત બનાવ સમયે બનાવના સ્થળે ભોગ બનનારની બૂમ સાંભળીને હાજર થયેલ હોય તેવું પણ પુરાવામાં જાહેર થતું નથી. વધુમાં ફરીયાદી ભોગ બનનાર જણાવે છે તે રીતે બનાવ બનેલાની બાબતમાં શંકા ઉપસ્થિત થાય છે તેવા સંજોગોમાં ટ્રાયલકોર્ટે પુરાવાનું યોગ્ય અને વ્યાજબી રીતે મુલ્યાંકન કરેલું નથી જેથી ટ્રાયલકોર્ટના આરોપીને તકસીરવાન ઠરાવી સજા અને દંડ કરતો હુકમ રદ કરી

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલી છે.

(૩) આ કામે સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કામે આરોપીને ઈ.પી.કો. ની ક.૩૫૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને ટ્રાયલ કોર્ટે સજા અને દંડ કરેલ છે. ઈ.પી.કો. ની ક.૩૫૪ મુજબનો ગુનો સ્ત્રીની અસ્મિતાને સ્પર્શતો ગંભીર ગુનો છે અને આરોપીએ ભોગ બનનારની જાહેરમાં છેડતી કરેલી છે અને ત્યારબાદ આ બનાવની ફરીયાદ થયેલ છે અને તે રીતની હકિકતો ફરીયાદપક્ષના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલી છે. વધુમાં, આરોપીને તકસીરવાન ઠરાવવા માટે એક સાક્ષી પણ વિશ્વાસલાયક અને માની શકાય તેવી હોય તો અદાલત તેમ માનીને સજા કરી શકે છે. આવા સંજોગોમાં ટ્રાયલકોર્ટે તમામ સંજોગો અને કાયદાની પરિસ્થિતીનું મુલ્યાંકન કરી આરોપીને તકસીરવાન ઠરાવી સજા અને દંડ કરતો હુકમ કરેલો છે તે યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો છે તેથી આરોપીની અપીલ રદ કરવા વિનંતી કરેલી છે.

(૪) અત્રેની એપેલેટ કોર્ટે ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામનું અસલ રેકર્ડ ટ્રાયલકોર્ટ પાસેથી મંગાવેલું છે અને ટ્રાયલકોર્ટે પત્ર ક્રમાંક નં.૫૨૫/૧૯ તા.૨૫/૦૩/૨૦૧૯ ના પત્રથી ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામનું અસલ રેકર્ડ મોકલાવેલ છે અને તેમાં ફાઈલ–ડી નો નાશ કરવામાં આવેલો છે, તે રીતની વિગત લખેલી છે.

આમ, સદરહુ ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામના અસલ રેકર્ડમાં ફાઈલ–બી તથા ફાઈલ–સી છે તથા ફાઈલ–ડી નાશ થયેલ છે તે બાબતની અત્રે પ્રથમ નોંધ કરવામાં આવે છે. વધુમાં, હાલના આરોપીએ સમય મર્યાદામાં તા.૨૫/૦૫/૨૦૧૧ ના રોજ અપીલ દાખલ કરેલી છે અને તેથી અપીલ પેન્ડીંગ

હોવા છતાં ફાઈલ–ડીનો નાશ થયેલ છે તે બાબત અત્યંત ગંભીર છે તેની નોંધ કરવામાં આવે છે.

(૫) ફોજદારી કેસ નં.૩૪૪/૨૦૦૮ ના કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામા આવેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>:–**

| ક્રમ | આંક | સાહેદોની વિગત |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદી મીતાલીબેન ખેંગારભાઈ પરમારની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૮ | સાહેદ–નર્મદાબેન ખેંગારભાઈ પરમારની સોગંદ ઉપરની જુબાની |
| ૩ | ૯ | સાહેદ–દક્ષાબેન મેઘજીભાઈ મીરાણીની સોગંદ ઉપરની જુબાની |
| ૪ | ૧૦ | પી.એસ.ઓ.–નારણભાઈ મોમાયાભાઈની સોગંદ ઉપરની જુબાની |
| ૫ | ૧૧ | ત.ક.અ.સાહેદ–ઝવેરસીંહ નારસીંહ પરમારની સોગંદ ઉપરની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો</u>:–**

| ક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૭ | અસલ ફરીયાદ |

આ સિવાય બીજો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો હોય તેવું ટ્રાયલકોર્ટનું જજમેન્ટ અને ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામનું અસલ રેકર્ડની ફાઈલ–બી અને ફાઈલ–સી ધ્યાને લેતાં જણાતું નથી.

(૬) ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામે આંક–૨ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે અને ફરીયાદ પક્ષના પુરાવા પુરા થયા બાદ ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબ આરોપીનું વધારાનું

નિવેદન નોંધવામાં આવેલું છે. જેમાં આરોપીએ બીજો કોઈ ગુનો કેરેલો નથી નિર્દોષ છે અને ખોટી રીતે ફસાવવામાં આવેલો છે તે રીતની વિગત આગળ ધરેલી છે.

(૭) ઉપરોકત હકીકતે હાલની ફોજદારી અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

૧. શુ એપેલન્ટ પુરવાર કરે છે કે, એપેલેન્ટને ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ , ઈ.પી.કો.ની ક.૩૫૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી સજા અને દંડ કરતો જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભચાઉ–કચ્છનાઓનો હુકમ ગેરકાયદેસરનો, કાયદા વિરુધ્ધનો, અનિયમીત, અસ્પષ્ટ, ભુલભરેલો, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદદા નં.૧ નકારમાં

૨. મુદદા નં.૨ આખરી હુકમ મુજબ .

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**–// કા ર ણો //–**

**મુદા નંબર.૧ ::–**

(૯) આ કામે એપેલેન્ટ મુળ ફોજદારી કેસ નં.ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના આરોપી છે. જયારે આ કામના રીસ્પોડેન્ટ મુળ કામનો ફરીયાદપક્ષ છે તેવા સંજોગોમાં ટ્રાયલકોર્ટની ઓળખ જળવાઈ રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામે પક્ષકારોની જે ઓળખ છે તે તે ઓળખ ઘ્યાને લઈ હવે પછી ચર્ચામાં સંબોધન કરવામાં આવશે તેથી તે મુજબ અર્થઘટન પક્ષકારોની

ઓળખ માટે કરવાનું રહેશે.

(૧૦) આ કામે આરોપી તરફેનાં વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી છે અને તે દલીલમા કોઈ પણ જગ્યાએ ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામે આરોપીના કાયદેસરના બચાવ ઉપર કાપ મુકવામાં આવેલ હોય કે આરોપીના કાયદેસરના બચાવને અસર પહોંચેલી હોય તે રીતની દલીલ કરેલી નથી. વધુમાં, ક્રિ .પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં પણ કોઈ શરતચુક થયેલ હોય કે કોઈ હકીકત ખોટી લખવામાં આવેલ હોય તે રીતની પણ કોઈ વિગત પોતાની દલીલમાં જાહેર કરેલ નથી. આવા સંજોગોમાં અત્રેની એપલેટ કોર્ટનું એવું શુધ્ધબુધ્ધિ પુર્વકનું માનવું છે કે, ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામે આરોપીને પોતાના કાયદેસરનો બચાવ કરવા માટે કાયદેસર ની, વ્યાજબી, પુરતી, મુનાસીફ તક અને સમય મળેલો છે.

(૧૧) આ કામે આરોપીની સામે ઈ.પી.કો.ની ક.૩૫૪ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે અને તેથી આ તબકકે ઈ.પી.કો.ની ક.૩૫૪ ની જોગવાઈ ધ્યાને લેવી ખુબ જ જરૂરી છે.

**''કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત. જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી કે તેમ કરવાથી પોતે તેની આબરૂ લેશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, તેના ઉપર હુમલો કરે અથવા ગુનાહિત બળ વાપરે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા દંડની, અથવા તે બન્નેની શિક્ષા કરવામાં આવશે.''**

આવા સંજોગોમાં આ જોગવાઈમાં ધ્યાને લઈ ફરીયાદપક્ષના પુરાવાનું

મુલ્યાંકન ટ્રાયલકોર્ટે યોગ્ય કરેલું છે કે કેમ ? તે બાબત ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓને આધારે નકકી કરવી જોઈએ તેવું મારું શુઘ્ધબુઘ્ધિ પુર્વકનું માનવું છે.

(૧૨) સૌ પ્રથમ આંક–૭ થી જે અસલ એફ.આઈ.આર. ની ફરીયાદ પોલીસમાં ફરીયાદીએ આપેલી છે તેની વિગત ઘ્યાને લેવામાં આવે તો આંક–૭ વાળી અસલ એફ.આઈ.આર.ના કોલમ નં.૩ માં ગુનો બન્યાની તારીખ અને સમયની વિગત જાહેર કરવામાં આવેલ છે. આ કોલમ નં.૩માં ગુનો બન્યાની તારીખ '' ૨૪/૦૨/૨૦૧૧ '' તેમજ સમય '' કલાક ૧૨:૧૫ વાગ્યાના અરસામાં '' તે રીતે જાહેર કરવામાં આવેલું છે. આમ, **આંક–૭ વાળી અસલ એફ.આઈ.આર. મુજબ ગુનો બનવાની તારીખ અને સમય આ કિસ્સામાં ખુબજ મહત્વ ધરાવે છે. આ એફ.આઈ.આર. મુજબ બનાવ તારીખ ૨૪/૦૨/૨૦૧૧ ના રોજ કલાક ૧૨:૧૫ વાગ્વાના અરસામાં બનેલો છે.**

વધુમાં, આંક–૭ વાળી અસલ એફ.આઈ.આર. ના કોલમ ૩(ખ) ની વિગત ઘ્યાને લેવામાં આવે તો તેમાં પોલીસ સ્ટેશનમાં ગુનો કયારે જાહેર થયો તે બાબત તેમાં દર્શાવવામાં આવેલી છે. **આ અસલ એફ.આઈ.આર. મુજબ ગુનો '' તા.૨૪/૦૨/૨૦૧૧ '' ના રોજ કલાક '' ૧૩:૯૯ '' ના સમયે જાહેર થયેલ છે.** આમ, બનાવ બન્યા બાદ લગભગ અડધા કલાકમાં આ બનાવની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આરોપીના નામજોગ આપેલી છે અને તેથી ફરીયાદ આપવા માટે કોઈ વિલંબ થયેલ હોય તેવું કોઈ પણ સંજોગોમાં માની શકાય તેમ નથી તેવું મારું સ્પષ્ટ માનવું છે.

(૧૩) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબના આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે તે ઘ્યાને લેવામાં આવે તો તે નિવેદનમાં આરોપીએ આ ફરીયાદી

સાથે કે તેના કુંટુબ સાથે અગાઉથી કોઈ દુશ્મનાવટ કે અદાવત ચાલતી આવતી હોય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલો નથી. આમ, આ કિસ્સામાં આરોપીનું નામ ફરીયાદીએ ખોટી રીતે ગુનામાં આપેલું હોય તે બાબતની સંભાવના કયાંય જણાય આવતી નથી અને તેથી મારું એવું શુઘ્ઘબુઘ્ઘિ પુર્વકનું માનવું છે કે, ફરીયાદીએ આંક–૭ વાળી એફ.આઈ.આર. માં આરોપીનું નામ ખોટી રીતે આપેલું નથી.

(૧૪) વ્યવહારના સામાન્યક્રમમાં કોઈ પણ યુવતી સાથે કોઈ અઘટીત બનાવ બને છે ત્યારે યુવતી સામાન્ય રીતે ગભરાઈ જતી હોય છે અને બુમાબુમ કરતી હોય છે અને તેવી જ વર્તણુંક આ કિસ્સામાં ફરીયાદીએ બતાવેલ છે અને તેવી જ વિગત આંક–૭ વાળી ફરીયાદમાં આંક–૯ વાળી સોગંદ ઉપરની જુબાનીમાં જાહેર થાય છે. વ્યવહારના સામાન્યક્રમથી વિરુઘ્ઘની કોઈ વર્તણુંક આ ફરીયાદીએ બનાવ સમયે કે બનાવ બાદ બતાવેલ હોય તેવુ કોઈ પણ જગ્યાએ પુરાવામાં રેકર્ડ ઉપર આવેલું નથી.

(૧૫) **કોઈપણ યુવતીનો કે સ્ત્રીનો કોઈપણ વ્યકિત હાથ પકડે છે ત્યારે તે યુવતી કે સ્ત્રી એક માત્ર એવી વ્યકિત છે કે જે એવું કહી શકે કે, વ્યકિતએ પકડેલો હાથ છેડતી કરવાનાં ઈરાદાથી કે યુવતી કે સ્ત્રીની અસ્મિતાને લાંછન પહોચાડવાના ઈરાદાથી પકડેલ છે**. આ કિસ્સામાં ફરીયાદી મીતાલીબેને આરોપી એ છેડતી કરવાના ઈરાદાથી જે હાથ પકડેલાની વિગત જણાવેલી છે તે બનાવના વિશિષ્ટ સંજોગો જોતા તે બાબતનું મુલ્યાંકન કરવું પડે.

આ કિસ્સામાં આરોપી તરફથી કોઈ પણ જગ્યાએ મીતાલીબેન આરોપીની બહેન થતી હોય કે મીતાલીબેન સાથે કોઈ કૌટુંબીક સંબઘ હોય કે એવો કોઈ સંબઘ હોય કે જે સંબંઘના નાતે હાથ પકડેલો હોય તે રીતનો કોઈ ખુલાસો આરોપીએ ક્રિ.પ્રો.

કો. ની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદન કરેલો નથી તેમજ મીતાલીબેન અને તેની માતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે પ્રયત્ન કરલો નથી અને તેથી કયા સંજોગોમાં આરોપીએ મીતાલીબેનનો હાથ પકડેલો તેનો ખુલાસો આરોપીએ કરેલો નથી. આવા સંજોગોમાં ફરીયાદીએ બનાવ સમયે આરોપીએ છેડતી કરવાનાં ઈરાદાથી હાથ પકડેલાનું જણાવેલ છે અને તેની સામે આરોપી તરફે વ્યાજબી કોઈ ખુલાસો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરતા આરોપીએ બનાવ સમયે ફરીયાદની છેડતી કરેલી છે તેવી બાબત શંકારહિત સાબિત થાય છે તેમ માનું છું.

(૧૬) આ કામે શાળાના આચાર્ય દક્ષાબેન મેઘજીભાઈ મીરાણીની જુબાની બાબત આરોપી તરફે રજુઆત કરવામાં આવેલી છે અને તેમાં આ દક્ષાબેન બનાવના દિવસે રજા ઉપર હતા અને બીજા દિવસે હાજર થયેલ તે રીતની વિગતોનો આધાર લીધેલો છે. ટ્રાયલ કોર્ટના ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામનુ અસલ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ દક્ષાબેન મેઘજીભાઈનાઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. વધુમાં, તપાસ કરનાર અમલદારે આ સાહેદનું નિવેદન નોંધેલું નથી તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. વધુમાં, આ સાહેદ આચાર્ય છે તેવા સંજોગોમાં પોલીસ સમક્ષ પોતે ખોટું નિવેદન આપે છે તેની જાણ સાથે ખોટું નિવેદન આપેલ હોય તેવું વ્યવહારના સામાન્યક્રમમાં માની શકાય નહી.

આ સિવાય આ દક્ષાબેન જે શાળાના આચાર્ય તરીકે છે તે સરકારી શાળા છે કે સરકારી ગ્રાન્ટેડ શાળા છે કે ખાનગી શાળા છે તેવી પણ કોઈ વિગત રેકર્ડ ઉપર આવતી નથી. આવા સંજોગોમાં જો સરકારી કર્મચારી કે સરકારી નાણાંમાંથી ચાલતી શાળાના આચાર્ય હોય તો તેવી બાબતના કિસ્સાઓમાં સાહેદ ફરી ગયેલ જાહેર થતા હોવાથી તેઓના ખાતાના વડા અધિકારીને આ બાબતની જાણ કરવી જરૂરી જણાય

છે. ટ્રાયલકોર્ટે પોતાના ચુકાદાના હુકમમાં કોઈ પણ જગ્યાએ આ સાહેદ બાબત એવી કોઈ નોંધ કરી જાણ કરેલ હોય તેવું જણાય આવતું નથી. તેથી આ બાબત જિલ્લા શિક્ષણ અધિકારીના ધ્યાન પર લાવવી ખુબજ જરૂરી જણાય છે તેવું અત્રેની અદાલત એપલેટ કોર્ટનું શુધ્ધબુધ્ધિ પુર્વકનું માનવું છે.

(૧૭) ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપી ત્યારબાદ પોલીસે ગુનાની તપાસ કરવાની હોય છે. તપાસ કરનાર અમલદારે નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરેલ નથી અથવા તો તપાસ કરવામાં કોઈ મુદદા ઉપર તપાસ કરનાર અમલદારની કસુર થયેલ છે. માત્ર તેટલા કારણથી ફરીયાદીને ન માનવા તેવું વ્યાજબી અને ઉચિત કારણ જણાતું નથી. વધુમાં, આ તપાસ કરનાર અમલદારની જુબાનીની વિગતમાં મહત્વની એવી હકિકત રેકર્ડ ઉપર આવેલી છે કે, '' **એ વાત ખરી નથી કે, આ કામના સાહેદ નં.૩ દક્ષાબેનને હું મળેલ નથી કે તેઓ હાજર ન હતા. સાહેદ જણાવે છે કે, તેઓ હાજર હતા**.'' આમ, તપાસ કરનાર અમલદારની તપાસ દરમ્યાન પણ આ દક્ષાબેન બનાવવાળી જગ્યાએ પહોંચેલ છે તેવી હકીકત તેઓની તપાસમાં ખુલેલી છે.

(૧૮) આમ, ટ્રાયલકોર્ટે પોતાના ચુકાદામાં ફરીયાદીનો હાથ પકડી આરોપીએ અપશબ્દો બોલી, છેડતી કરેલાની જે બાબત બનેલ છે તે બાબત મોલી છે અને તેના કારણો આપેલા છે તેની સાથે અત્રેની એપલેટ કોર્ટ પણ સહમત થાય છે અને તેવા સંજોગોમાં ટ્રાયલકોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવા માટેનું કોઈ વ્યાજબી અને ઉચિત કારણ અત્રેની એપલેટ કોર્ટને જણાતું નથી.

આમ, એપેલેન્ટને ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧, ઈ.પી.કો.ની ક.૩૫૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી સજા અને દંડ કરતો જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભચાઉ– કચ્છનાઓનો હુકમ ગેરકાયદેસરનો, કાયદા

વિરુધ્ધનો, અનિયમીત, અસ્પષ્ટ, ભુલભરેલો, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે તેવી કોઈ હકીકત એપેલન્ટ અત્રેની અદાલતને બતાવી શકતા ન હોવાથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપું છું.

**મુદા નંબર.૨ ::–**

(૧૯) ઈ.પી.કો. ની ક.૩૫૪ મુજબનો ગુનો અત્યંત ગંભીર છે. આ કિસ્સામાં ફરીયાદીની સાથે બનાવ બન્યા બાદ લગભગ અર્ધાક કલાક જેટલા સમયમાં ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં જઈને પોલીસમાં જાતે ફરીયાદ આપેલી છે અને સોગંદ ઉપરની જુબાનીમાં તેવીજ હકીકત જાહેર કરેલી છે. ટ્રાયલકોર્ટે ફરીયાદીની જુબાનીને માનેલી છે અને અત્રેની એપલેટ કોર્ટે પણ ફરીયાદીની જુબાનીને માને છે તેવા સંજોગોમાં ટ્રાયલકોર્ટના ચુકાદામાં ટ્રાયલકોર્ટ થી કોઈ કાયદાકીય બાબત કે હકીકતનું મુલ્યાંકન કરવામાં કસુર થયેલ હોય તેવું કયાંય જણાઈ આવતું નથી અને તેથી હાલની અપીલ મંજુર કરવા માટેનું કોઈ કારણ મને જણાતું નથી તેથી હાલની અપીલ ''**નામંજુર(રદ)**'' કરવી જોઈએ એવા નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: <u>હુકમ</u> ::–**

આથી, એપેલેન્ટની હાલની અપીલ ''**નામંજુર (રદ)**'' કરવામાં આવે છે.

એપલેન્ટને ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામે ઈ.પી.કો. ની ક.૩૫૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી સજાને દંડ કરતાં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ–કલાસ ભચાઉ–કચ્છનાઓના તા.૨૬/૦૪/૨૦૧૧ ના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

આથી,આરોપીના અગાઉના જામીન ખત રદ કરવામાં આવે છે.

આરોપીએ બાકી સજા ભોગવવા માટે ટ્રાયલ કોર્ટમાં દિન–૩ માં હાજર થવું.

વધુમાં, એવો પણ હુકમ કરવામાં આવે છે કે, હાલના આરોપી અન્ય ગુનામાં

જેલમાં હતા તેવી વિગત અપીલમાં જાહેર થયેલી છે જેથી દિન-૩ માં આરોપી હાજર ન થાય તો ટ્રાયલ કોર્ટે આરોપીને જેલમાંથી બોલાવી બાકી સજાનો અમલ કરાવવા કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમની એક નકલ જીલ્લા શિક્ષણ અધિકારીને આચાર્ય દક્ષાબેન બાબતે જરૂરી પગલા લેવા જરૂરી જુબાનીઓની ઝેરાક્ષ સાથે મોકલવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમની એક નકલ ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામના અસલ રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

ફોજદારી કેસ નં.૨૨૫/૨૦૧૧ ના કામનું અસલ રેકર્ડ ટ્રાયલકોર્ટને તાત્કાલિક અસરથી પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૨ જી, માહે-જુલાઈ, સને ૨૦૨૧ ના દિવસે વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૧ (એમ.એફ.ખત્રી)

સ્થળ : ભચાઉ-કચ્છ ૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ-જી.કચ્છ

જીજે૦૦૬૯૧